
## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




સાહેબ તમે ઓનલાઈન એજ્યુકેશન પછી ક્યારે ઓફ થાવ છો એ કહો... મારી દીકરી લેક્ચર ન હોય તો પણ ઓફ થતી નથી...!!

# કોરોનાને નિયંત્રણમાં લાવવા માટે સરકારે ૧ ૨ ૮૯ કરોડનો ખર્ચ કર્યો

ગાંધીનગર,તા.૨

ગુજરાત સરકારે કોવિડ-૧૯ને અંકુશમાં લાવવા માટે ચાલુ વર્ષના એપ્રિલ મહિનાથી ઓક્ટોબરની વચ્ચે ૧,૨૮૯ કરોડ રૂપિયાનો વિશાળકાય ખર્ચ કર્યો છે. જો આ રકમની આમ ગણતરી કરીએ તો આટલા રૂપિયાથી રાજ્યમાં ૪ હજાર બેડની ક્ષમતા ધરાવતી સંપૂર્ણ રીતે સજ્જ મલ્ટિ-સ્પેશિયાલિટી હોસ્પિટલ બની શકે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં સરકાર કોવિડ-૧૯ના નિયંત્રણ પાછળ વધુ ૧ હજાર કરોડ રૂપિયા ખર્ચી શકે છે, કારણ કે ભવિષ્યમાં

**૨૦૨૧ સુધીમાં હજુ ૧ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે : રકમની ગણતરી કરીએ તો આટલા રૂપિયાથી રાજ્યમાં ચાર હજાર બેડની ક્ષમતા ધરાવતી સંપૂર્ણ રીતે સજ્જ મલ્ટિ-સ્પેશિયાલિટી હોસ્પિટલ બની શકે**

મહામારી વધુ વિકટ બનશે તેવું સંકટ તોળાયેલું છે. મંગળવાર સુધીમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે મૃતકોની સંખ્યા ૪ હજારને પાર પહોંચી ગઈ જ્યારે સંક્રમિતોની સંખ્યા ૭.૮ લાખ કરતાં વધારે છે. ઉલ્લેખનીય છે કે, દિવાળીના તહેવાર બાદ કોરોનાના કેસમાં જબરદસ્ત વધારો થયો છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, રાજ્યએ ઓક્ટોબર મહિના સુધીમાં ૧,૨૮૯ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. મોટાભાગનો ખર્ચ દવા, પીપીઈ કિટ્સ અને માસ્ક, ડાયગ્નોસ્ટિક કિટ, માનવ સંસાધનો અને કેટલીક વિશેષ માળખાગત જરૂરીયાતો પાછળ થયો છે, તેમ એક અધિકારીએ કહ્યું હતું. ચાલુ નાણાકીય વર્ષના અંત પહેલા વર્તમાન માસિક ખર્ચને આગળ વધારીને, કોવિડ કંટ્રોલ પ્રવૃતિઓ માટે ૧ હજાર કરોડનો વધારાનો ખર્ચ કરવામાં આવશે. આ તમામ ખર્ચા બિનઆયોજિત છે અને આયોજિત ખર્ચ માટે ફાળવવામાં આવેલા બજેટ કરતાં વધુ છે, તેમ અધિકારીએ જણાવ્યું હતું. કોરોના કંટ્રોલ પ્રવૃતિઓ પરનો બિનઆયોજિત ખર્ચ રાજ્ય સરકારની તિજોરી અને રાજ્યના આરોગ્ય માળખા પર મોટો બોજ બની રહ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સરકારે હાલમાં જ ૩૩૯ કરોડ રૂપિયાના ખર્ચે કિડની હોસ્પિટલના નવા ડિવિઝનનું બાંધકામ કરાવ્યું છે જ્યારે નવી યુ એન મહેતા હાર્ટ હોસ્પિટલ પાછળ ૩૩૯ કરોડ રૂપિયા વાપર્યા છે. સરકારે કોરોનાને કંટ્રોલમાં લાવવા માટે જે ખર્ચ કર્યો છે તેનાથી એક નવી તમામ સુવિધાઓથી સજ્જ ૪ હજાર બેડવાળી હોસ્પિટલ બનાવી શકી હોત. જો આપણે આવતા વર્ષના માર્ચ મહિના સુધી કોરોના કંટ્રોલના અંદાજિત ખર્ચને ધ્યાનમાં લઈએ તો નવી હોસ્પિટલની બેડની ક્ષમતા ૭૫૦૦ થઈ જશે.

## ખૂણેખાંચરેથી

- રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમે વેક્સીનની તૈયારી અંગે આજે રાજ્યના તમામ જિલ્લાઓમાં સમીક્ષા કરી હતી.
- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં પણ એક કર્મયોગી કોરોનાથી સંક્રમિત થયો છે.
- ગાંધીનગર મનપામાં એન્ટીયોલોજીસ્ટ તરીકે ફરજો બજાવતા એન.આઈ. પટેલ પણ કોરોનાની ઝપટે ચડ્યા છે.
- સ્કીલ ડેવલપમેન્ટ માટે જિલ્લાકક્ષાના વિગતવાર અંદાજો તૈયાર કરવા માટે જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યએ આજે સૂચના આપી છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૬૨ કેસ નોંધાયાનું સરકારે કહ્યુ છે જિલ્લાતંત્ર માત્ર ૫૪ કેસ જ કહે છે.
- ગાંધીનગર શહેરમાં રાત્રિ કરફ્યુના કોઈ આદેશો ન હોવા છતાં સાંજે સાડા સાત સુધીમાં પોલીસ બધી જ દુકાનો બંધ કરાવી રહી હોવાથી વેપારીઆલમમાં કચવાટની લાગણી ઉભી થઈ છે.
- ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની વધ-ઘટનો તાલુકા આંતરિક બદલીનો આજે છેલ્લો દિવસ છે. હવે પાંચમીએ જનરલ કેમ્પ યોજાશે.

# માસ પ્રમોશનની વાત ખોટી, પરીક્ષા લેવાશે : ભુપેન્દ્રસિંહ

ગાંધીનગર,તા.૨

હાલ કોરોનાની મહામારીને કારણે ગુજરાતમાં ઓનલાઇ શિક્ષણ ચાલી રહ્યું છે. ત્યારે થોડા દિવસોથી લોકોમાં ચર્ચા ઉગ્ર બની છે કે, ધોરણ ૧૦ અને ૧૨ સિવાયનાં વર્ગોને માસ પ્રમોસશ આપી દેવામાં આવશે. આ અંગે શિક્ષણમંત્રી ભુપેન્દ્ર ચુડાસમાને પૂછ્યું ત્યારે તેમણે સ્પષ્ટ શબ્દોમાં આ વાતને રદિયો આપ્યો હતો તરફથી જે પણ જાહેરાત કરવામાં આવે તે જ વાત લોકોએ માનવી જોઈએ. કોઈ પાયા વગરની આધાર વગરની વાતને લોકોએ માનવી જ ન જોઈએ. આ ઉપરાંત ફી નહીં ભરે તો શિક્ષણ નહીં અંગે બોલતા તેમણે જણાવ્યું કે, સ્કૂલ સંચાલક મંડળે સ્પષ્ટ કર્યું છે કે, ઓનલાઈન શિક્ષણ અમે ચાલુ રાખીશું. નોંધનીય છે કે, જે વાલીઓએ જુનથી સ્કૂલ ફી જ આવતા કે સ્કૂલમાં ફી ક્યારે ભરશે અને ભરશે કે નહી તે પણ જાણ કરતા નથી.જેથી આવા વાલીઓના બાળકો માટે ઓનલાઈન શિક્ષણ બંધ કરવામા આવશે. અત્યાર સુધી ફી ન ભરનારા વાલીઓ જો ૧૫ ડિસેમ્બર સુધી સ્કૂલમાં મેનેજમેન્ટને મળવા નહી આવે કે રજૂઆત પણ નહી કરે તો તેમના બાળકોનું ઓનલાઈન શિક્ષણ બંધ કરી દેવાશે. સરકારના ઠરાવ

**અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ : શાળાઓ ખુલશે અને જેટલો પણ અભ્યાસક્રમ ભણાવાયો હશે તેટલા અભ્યાસક્રમ પૂરતી જ પરીક્ષા લેવામાં આવશે**

અને લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવા જણાવ્યું હતું. શિક્ષણમંત્રી ભુપેન્દ્ર ચુડાસમાએ જણાવ્યું કે, પરીક્ષા ન લેવાનો કોઇ વિચાર સરકારે કર્યો નથી. જે પણ વાત વહેતી થઈ છે તે પાયા વગરની છે. જ્યારે પણ શાળા ખુલશે અને જેટલો પણ અમે અભ્યાસક્રમ ભણાવ્યો હશે તેટલા અભ્યાસક્રમ પૂરતી પણ અમે પરીક્ષા લઈશું. તેમણે વધુમાં ટકોર કરતા જણાવ્યું કે, કોઈપણ વાત વહેતી થાય તે નહીં પરંતુ સરકાર ભરી નથી અને સ્કૂલને ફી ભરવા મુદ્દે કોઈ જાણ પણ કરતા નથી કે ફી ભરવા જ નથી માંગતા તેવા વાલીઓના બાળકોને હવે ઓનલાઈન શિક્ષણ નહી આપવા સ્કૂલ સંચાલક મંડળે નિર્ણય કર્યો હતો. બીજી બાજુ વાલી મંડળે વિરોધ નોંધાવ્યો છે. ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ મેનેજમેન્ટ એસોસિએશનની ફરિયાદ છે કે, ઘણા વાલીઓએ છેલ્લા છ મહિનાથી ફી જ ભરી નથી ઉપરાંત તેઓ સ્કૂલે મળવા પણ નથી મુજબ વાલીએ ફી ન ભરવા મુદ્દે પણ સ્કૂલમાં રૂબરૂ આવીને લેખીત રજૂઆત કરવાની છે. જે વાલીઓ ફી નહી ભરી શકવા મુદ્દે રજૂઆત કરી છે તેમના બાળકોનું ઓનલાઈન શિક્ષણ ચાલુ રહેશે. પરંતુ ઘણા વાલીઓ મળવા નથી આવતા કે ફોનથી પણ જાણ નથી કરતા. જ્યારે બીજી બાજુ સ્કૂલ સંચાલક મંડળના આ નિર્ણયનો વાલી મંડળે વિરોધ કર્યો છે.આ મુદ્દે વાલી મંડળ સરકારને પણ રજૂઆત કરશે.

## સેક્ટર-૧૭ ખાતેથી યુવક ગુમ

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧ પોલીસ મથકે નોંધાયેલા ગુનામાં ગુમ થનાર અજય પ્રહલાદભાઈ દંતાણી (ઉં.૧૬.૨) રહે. સરકારી બાળ ગૃહ સેક્ટર-૧૭ ગાંધીનગરથી ગત તા. ૧૬-૧૧-૨૦ના રોજ રાત્રીના ૯ થી ૯.૩૦ કલાક દરમિયાન સરકારી બાળ ગૃહ ખાતેથી કોઈને કંઈ પણ કહ્યા વિના ક્યાંક ચાલી ગયા છે. વર્ણન અજય રંગે શ્યામ વર્ણનો તેમજ ઉં.૧૬.૨ આશરે ૫ ફુટ ઉંચાઈ તેમજ પાતળા બાંધાનો છે. જે ગુજરાતી, હિન્દી ભાષા જાણે છે. યુવકે શરીરે ગ્રે કલરની આખી બાયની ટીશર્ટ અને કમરે બ્લુ કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે. યુવકે અંગે જો કોઈને કોઈ માહિતી કે પત્તો મળે તો સેક્ટર-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયું છે.



ઉત્તરાયણને હજુ ઘણીવાર છે પરંતુ આકાશમાં ક્યાંક ક્યાંક હવે પતંગ ઉડતા જોવા મળી રહ્યાં છે. આ વર્ષે બધા તહેવારો કોરોનાના કારણે જાણે ઉજવાયા જ નથી. બાળકોને શાળાઓમાં રજા છે તેમ છતાં તેઓને ઘરમાં પુરાઈ રહેવુ પડે છે. ઘરમાં રહીને કંટાળેલા બાળકો ઘરની બહાર જઈ રમવા કે અન્ય કોઈ પ્રવૃત્તિ કરવા ઈચ્છે છે. ઉત્તરાયણ નજીક છે ત્યારે પતંગ ઉડાડવા જેવી પ્રવૃત્તિ કરી બાળકો આનંદ મેળવી રહ્યાં છે.

# "જળ હૈ તો જીવન હૈ" પાણીને પારસમણી સમજી ઉપયોગ કરીએ : મુખ્યમંત્રી

**ગાંધીનગરથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજીના ૩૫માં જન્મદિવસની ઉજવણી નિમિત્તે જલ સંરક્ષણ જાગૃતિ અભિયાન અને ભારતીય સંસ્કૃતિ સંરક્ષણ અભિયાનનો ઇ-શુભારંભ કરાયો**

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ યુવાનોના પ્રેરણા સ્રોત અને વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશના સ્થાપક વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજીને તેમના ૩૫માં જન્મદિવસની ઉજવણી નિમિત્તે શુભેચ્છાઓ આપતાં જણાવ્યું હતું કે, વૈષ્ણવ સંપ્રદાયની આંતરરાષ્ટ્રીય નેટવર્ક ધરાવતી સંસ્થા વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશને ધર્મ, સંસ્કૃતિ, પરંપરાઓ, જનસેવા, સમાજસેવા, રાષ્ટ્રસેવા અને સંસ્કૃતિનું જતન કરીને દેશના યુવાનોને પ્રેરિત કરી રાષ્ટ્રસેવામાં જોડ્યા છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજીના ૩૫માં જન્મદિવસની વડોદરા ખાતે ઉજવણી નિમિત્તે જલ સંરક્ષણ જાગૃતિ અભિયાન અને ભારતીય સંસ્કૃતિ સંરક્ષણ અભિયાનનો ગાંધીનગરથી મંગલ ઈ-શુભારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ શ્રી વ્રજરાજકુમારજીના ૩૫માં જન્મદિવસ નિમિત્તે આમંત્રણ આપવા બદલ શ્રી વૈષ્ણવાચાર્યનો આભાર માનતાં કહ્યું હતું કે, યુવાનો તેમના જન્મદિવસની ઉજવણી ભારતીય પરંપરા-સંસ્કૃતિ મુજબ દિવો પ્રગટાવી સાથિયો દોરીને કરે તે જરૂરી છે. વેસ્ટર્ન કલ્ચરમાં મીણબત્તી સળગાવી જન્મદિવસની ઉજવણી કરવાની પરંપરાનો યુવાનોએ ત્યાગ કરવો જોઈએ. એક દિવાથી બીજો દિવો પ્રગટાવીને સૌના જીવનમાં પ્રકાશ લાવીએ. પર્યાવરણની દ્રષ્ટિએ પણ ધુમાડો નુકસાન કરે છે જ્યારે શુદ્ધ ઘીનો દિવો પર્યાવરણને વધુ શુદ્ધ કરે છે. શ્રી વૈષ્ણવાચાર્યના આ




સંસ્કૃતિ જતનના અભિયાનને આપણે સૌ સાથે મળી આગળ વધારીએ તેવો તેમનો અનુરોધ કર્યો હતો. શ્રી વૈષ્ણવાચાર્યના ૩૫માં જન્મદિવસે આપણે સૌ દિવો પ્રગટાવવાનો સંકલ્પ કરીએ તેમ તેમણે ઉમેર્યું હતું.

વોટર હાર્વેસ્ટિંગને પ્રાધાન્ય આપીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના મંત્ર "જળ હૈ તો જીવન હૈ" પાણીને પારસમણી સમજી ઉપયોગ કરીએ. રાજ્ય સરકારે પાણીના જતન માટે અનેક પગલાં લીધા છે. વડોદરા જિલ્લાની સરકારી શાળાઓમાં વોટર હાર્વેસ્ટિંગનો સફળ પ્રયોગ હાથ ધર્યો છે. દરેક વ્યક્તિ પોતાના ઘરમાં વોટર હાર્વેસ્ટિંગની વ્યવસ્થા ઉભી કરીને વરસાદી પાણીનો સંગ્રહ કરે તે ખૂબ જરૂરી છે. અગાઉના સમયમાં ઘરોમાં આ વ્યવસ્થા હતી જેને આપણે પુનઃ પ્રસ્થાપિત કરવા શ્રી વ્રજરાજકુમારજીએ તેમના ૩૫માં જન્મદિવસ નિમિત્તે આપણને પ્રેરણા આપી છે. ઊર્જાને સરપ્લસ સ્ટેટ બનાવવાનો આપણો સંકલ્પપૂર્ણ થયો છે તેમ પાણી ક્ષેત્રે પણ ગુજરાતને વોટર સરપ્લસ સ્ટેટ બનાવવા આ અભિયાન પાયાની ભૂમિકા ભજવશે. ગુજરાત સરકારે પણ ચેકડેમ, બોરીબંધ, સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તળાવો ઊંડા કરવા, નવા બનાવવા, નદીઓને પુનઃ જીવિત કરવાનો અભિયાનને દર વર્ષે હાથ ધરીને આપણે ગુજરાતમાં પાણી સંગ્રહની ક્ષમતા વ્યાપક પ્રમાણમાં વધારી રહ્યા છે.

# રેપિડ એંટીજન ટેસ્ટ કેમ્પ કરાવવા આવેલા દર્દીઓ દ્વારા સંક્રમણ ફેલાતું હોવાની શક્યતા

**કોવિડ-૧૯ના રેપિડ એંટીજન ટેસ્ટ કેમ્પ પરથી પોઝિટિવ રિપોર્ટ આવેલા અનેક દર્દીઓ સીધા ઘરે જવાને બદલે શાકભાજી લેવા કે આઇસોલેશન માટે જરૂરી ચીજવસ્તુઓ લેવા જતાં હોવાની શક્યતા : ઘરે પરત ફરવા સિટી બસ કે શટલ રિક્ષાનો પણ ઉપયોગ કરતા દર્દીઓ જોખમી**

ગાંધીનગર તા. ૦૨

શહેરમાં દિવાળીના તહેવાર પછી કોરોના પોઝિટિવ કેસોમાં અચાનક ઉછાળો આવતા વહીવટી અને આરોગ્ય તંત્ર તો ચોંકી ઉઠ્યું છે પરંતુ તે સાથે સાથે શહેરના સ્વાસ્થ્યપ્રેની નાગરિકોમાં પણ ફડક પેસી જવા પામી છે. આ કારણે શહેરમાં હવે કોવિડ-૧૯ના રેપિડ એંટીજન ટેસ્ટ માટે ઊભા કરવામાં આવેલા કેમ્પ ખાતે ટેસ્ટ કરાવનારાઓની સંખ્યા દિનપ્રતિદિન વધવા પામી રહી છે. જોકે રેપીડ ટેસ્ટના તંબુમાં કોવિડ પોઝિટિવ આવ્યા પછી શાકભાજી કે અન્ય ખરીદી કરવાની હોય, ઝેરોક્સ કઢાવવા જવાનું હોય, બેક્ર-પોસ્ટનું કામકાજ હોય અથવા વાહન રિપેરિંગ કે સર્વિસ માટેનું કામ જેવા અન્ય કામોનો સમાવેશ થાય છે. રેપિડ એંટીજન ટેસ્ટ કેમ્પ પર જ્યારે વ્યક્તિનો ટેસ્ટ કરવામાં આવે પછી ૨૦ થી ૩૦ મિનિટમાં તેનું પરિણામ આપવામાં આવે છે જેમાં સ્થળ પરનો હેલ્થ કર્મચારી તૈયાર થઈ ગયેલા ટેસ્ટ રિપોર્ટ્સ હાથમાં લઈને એક પછી એક નામ બોલે છે અને કે તેમને પોઝિટિવ કે નેગેટિવ છે તે જણાવી રિપોર્ટ આપે છે. જો રિપોર્ટ પોઝિટિવ આવે તો આ કર્મચારી દ્વારા આવતી કાલે તમારા ઘરે દવા આપવા આવી જશે તેવું જણાવી અને તેમને હોમ કોરોંટાઈન થઈ જવાનું કહી રવાના કરી દેવામાં આવે છે. આ પછી તે પોઝિટિવ દર્દી સીધો ઘરે ગયો કે પોતાના અન્ય કામ પતાવીને ઘરે ગયો તે માત્ર દર્દી અને તેની સાથે આવેલા પરિવારજનને જ ખબર હોય છે. અનેક દર્દીઓ તો સિટીબસ, રિક્ષા કે અન્ય પબ્લિક ટ્રાન્સપોર્ટ દ્વારા આવ્યા હોય છે અને તે રીતે જ પરત ફરે છે જે દરમ્યાન તેઓ અન્ય વ્યક્તિઓના સંપર્કમાં પણ આવતા હોય છે. કેટલાક દર્દીઓ તો પોઝિટિવ આવ્યા પછી પણ પહેલા શાકભાજી લેવા જાય કે હોમ આઈસોલેશન માટે જરૂરી લાગતી ચીજવસ્તુઓની ખરીદી કરવા જાય તેવું પણ બનતું હોય છે આ સંજોગોમાં તે દર્દી જે જે સ્થળે ફરે છે ત્યાં ત્યાં સંક્રમણ મૂકતો જાય તેવી પૂરેપુરી શક્યતા રહેલી હોય છે જેના કારણે તે સ્થળે કે ચીજવસ્તુઓ પર અન્ય વ્યક્તિનો હાથ લાગતાં તેની સંક્રમિત થવાની શક્યતા વધી જાય છે. ખરેખર તો કોવિડ-૧૯ના રેપિડ એંટીજન ટેસ્ટ કેમ્પ ખાતે જે દર્દીઓને પોઝિટિવ ટેસ્ટ આવે છે તેઓ સાવચેતી સાથે તુરંત પોતાના ઘરે જાય તે ચોક્કસ કરવું અને શક્ય હોય તો તેમને એજ દિવસે તપાસવા માટે ટીમ મુલાકાત લે તેવી વ્યવસ્થા ગોઠવવી જરૂરી જણાય છે. વળી કોરોના પોઝિટવ આવેલા દર્દીઓએ પણ પોતાની ફરજ સમજી કેમ્પ પરથી રસ્તામાં ક્યાય રોકાયા વગર અને કોઈ સ્થળે કે ચીજવસ્તુઓને અડક્યા વગર સીધા જ પોતાના ઘરે પહોચવાની તકેદારી લેવી જોઈએ.

ખરેખર નાગરિકોએ શું કરવું જોઈએ તેની ચોક્કસ માહિતી ના હોવાને કારણે આ દર્દીઓ પોતાના ઘરે આઈસોલેશનમાં જાય ત્યાં સુધીમાં અનેક સ્થળે સંક્રમણ છોડતા જાય છે જે શહેરમાં કોરોના કેસો વધારવામાં નિમિત્ત બની રહ્યું છે તેવું જણાઈ રહ્યું છે.

મોટે ભાગે કોવિડ-૧૯ના રેપિડ એંટીજન ટેસ્ટ કેમ્પ સ્થળે હવે કોરોના ટેસ્ટ કરાવવા માટે લાંબી લાઈનો જોવા મળે છે તે માટે શહેરમાં વધી રહેલ સંક્રમણ તેમજ લાંબી યાત્રા કરવા માટે અથવા રજાઓમાં લાંબી યાત્રા કરીને આવ્યા હોય ત્યારે ફરજ પર હાજર થવા માટે ટેસ્ટની જરૂરિયાત હોવાને કારણે પણ બની રહ્યું છે. ટેસ્ટ કરાવવા આવેલા નાગરિકો મોટે ભાગે પરિવારના અન્ય સભ્ય સાથે આવ્યા હોય છે અને પોતાની સાથે બજારના અન્ય કામો જેવાકે

## રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવે તે દર્દીઓએ શું કરવું ?

કોવિડ-૧૯ના રેપિડ એંટીજન ટેસ્ટ કેમ્પ ખાતે જે દર્દીઓને પોઝિટિવ ટેસ્ટ આવે છે તેઓએ પોતાની જવાબદારી સમજીને સાવચેતી સાથે સીધા પોતાના ઘરે જવું જોઈએ તેવી ચર્ચા શહેરના સોશિયલ મીડિયામાં ચાલી રહી છે અને "ગાંધીનગર ચમકાવવું છેહ્ર નામના જીસીસી ગ્રૂપના મેહુલ તુવાર દ્વારા આ બાબતે કેટલાક સૂચનો પણ સૂચવ્યા છે જે અનુસાર દર્દીએ પોઝિટવ રિપોર્ટ આવ્યા પછી સ્હેજ પણ ગભરાયા વગર જરૂર લાગે તે કેમ્પ પરના હેલ્થ ઈન્ચાર્જની સલાહ લેવી પછી સીધા પોતાના ઘરે જઈને આઈસોલેટ થવું જોઈએ. આ દરમ્યાન યોગ્ય માસ્ક પહેરી રાખવું, હાથ સેનેટાઈઝ કરવા, ઘરે પહોચી હોમ આઈસોલેશન માટે જરૂરી ચીજવસ્તુઓ પોતાના મિત્રો કે સગાસંબંધીની મદદથી મંગાવી લેવી, ઘરના બાકીના સભ્યોએ પણ પોતાનો ટેસ્ટ કરાવી લેવો, પોતાને આનુકૂલ હોય તે મુજબ સરકારી સારવાર કે ખાનગી સારવારનો નિર્ણય લઈને તે મુજબ ડોકટરનો સંપર્ક કરવો, થર્મોમીટર અને ઓક્સિજન લેવલ માપવા ઓક્સિમિટર કે સીમ મશીન જેવા જરૂરી ઉપકરણો મંગાવી લેવા અને ડોક્ટરની સલાહ મુજબ જ દવા-સારવાર લેવી વગેરે સૂચનોનો સમાવેશ થાય છે.

# જુના અને કંગાળ આવાસોનો કડુસલો કરવાની સાથે રહેણાંકને લાયક મકાનોનુ મજબુતીકરણ પણ કરવામાં આવી રહ્યુ છે

ગાંધીનગર તા ૨

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જયારે હાલ નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે જુના અને જર્જરિત મકાનો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. બીજીતરફ રહેણાંકને લાયક હોય તેવા દાયકાઓ જુના મકાનો મજબુતીકરણ હેઠળ પણ આવરી લેવામાં આવે છે. હાલ શહેરના સે-૧૬ સે-૧૭ અને સે-૧૯ માં જુદી જુદી કક્ષાના સરકારી આવાસોનુ મજબુતીકરણ કરવામાં આવી રહ્યુ છે. જેના અંતે કર્મચારીઓને આવાસની ફાળવણી સહીત જોખમી મકાનો ખાલી કરાવાની પ્રક્રીયા પણ સરળ બનશે.

શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જયારે ભયજનક આવાસો અંગે સર્વે કરાયા બાદ હવે નવા આવાસો બાંધવા સહીત રીનોવેશનની કામગીરી પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. જેથી તંત્રના ચોપડે આવાસો માટે કર્મચારીઓની મોટી થતી પ્રતિક્ષા યાદીને ઘટાડી શકાય શહેરમાં એકબાજુ જોખમી મકાનો તોડવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે જુના આવાસોના મજબુતીકરણ માટે પણ સેકટરોમાં કામ હાથ ધરવામાં આવે છે. જુદી જુદી કક્ષાના સરકારી આવાસોના રીનોવેશન માટે પણ આયોજન કરવામાં આવે છે. શહેરના સે-૧૬ માં અગાઉ ભયજનક મકાનો તોડવામાં આવ્યા હતા જયારે હાલ ચ ,છ અને જ સહીત વિવિધ કક્ષાના મકાનોનુ રીનોવેશન પણ કરવામાં આવી રહ્યુ છે. સે-૧૭ માં પણ આ પ્રકારના આવાસોનુ મજબુતીકરણ હાથ ધરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત સે-૧૯માં પણ મકાનોના રીનોવેશન માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ત્રણેય સેકટરોમાં આવાસોના મજબુતીકરણ પાછળ અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ કરાશે. જયારે સે-૧૬ અને સે-૧૭ માં પણ અંદાજિત ૧૦૦ જેટલા મકાનોનુ રીનોવેશન કરાશે. જયારે આવાસોના રીનોવેશનના અંતે જોખમી બ્લોક ખાલી કરાવાની કામગીરી પણ તેજ બનશે. આ રહીશોને પણ આ ઠેકાણે આવાસની ફાળવણી કરવામાં આવશે જયારે આવાસ ઈચ્છુક કર્મચારીની અરજીને પણ ન્યાય મળશે. જો કે આવાસોના રીનોવેશનની કામગીરી પુર્ણ થતા હજુ સમય લાગશે.



સેક્ટર-૨૬ કિસાનનગરમાં રખડતાં પશુઓથી થતાં અકસ્માતના નિરાકરણ અને રહીશોની સલામતી માટે નિર્માણ કરાયેલ કંપાઉન્ડ વોલમાં બે જગ્યાએ અનઅધિકૃત બાકોરા પડાયા છે. ખ-૬ સર્કલ તરફથી બાજુએ દિવાલમાં બે જગ્યાએ આવન-જાવન માટે પડાયેલા બાકોરા સામે મહાનગરપાલિકા તંત્રએ લાલ આંખ કરી છે. સેક્ટર-૨૧ના પોલીસ ઈન્સ્પેક્ટરને તાકીદે કાયદેસરની કાર્યવાહી કરવા મનપાના સિટી એન્જિનિયરે જાણ કરી છે.